નડિયાદ શહેરના પૂર્વ ભાગને ચોમાસામાં જળબંબાકારની સમસ્યામાંથી મુક્તિ મળશે

નડિયાદ શહેરમાં વર્ષોથી બંધ રહેલા સ્ટેશન રોડના કાંસની સફાઈ કરાઈ

કાંસમાંથી 150થી વધુ ટ્રેક્ટર જેટલો કચરો અને વર્ષો જૂની ગંદકી બહાર કાઢવામાં આવી

(પ્રતિનિધિ) નડિયાદ તા.20

નડિયાદ શહેરના સ્ટેશન રોડ પર સરદાર પટેલની પ્રતિમા પાસે આવેલા અને વર્ષોથી બંધ રહેલા વિશાળ કાંસની સફાઈની કામગીરી નડિયાદ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી છે. છેલ્લા 9 દિવસથી જેસીબીની મદદથી ચાલી રહેલી આ સઘન ઝુંબેશમાં અત્યાર સુધીમાં અંદાજે 150થી વધુ ટ્રેક્ટર જેટલો કચરો અને વર્ષો જૂની ગંદકી બહાર કાઢવામાં આવી છે.

નડિયાદ શહેરના સ્ટેશન રોડ પર જે તે સમયે નગરપાલિકા દ્વારા આ કાંસ ઉપર સરદાર શોપીંગ સેન્ટર બનાવવામાં આવ્યું હતું. જોકે, આ શોપિંગ સેન્ટર જર્જરિત થતા તેને દૂર કરવામાં આવ્યું હતું, જેના કારણે વર્ષોથી સફાઈ વગર પડેલા 14 ફૂટ પહોળા અને 8 ફૂટ ઊંડા કાંસની સફાઈ હવે શક્ય બની છે. હાલમાં આ કાંસના એક ભાગની 100 ફૂટ જેટલા અંતરમાં સફાઈ પૂર્ણ થઈ ગઈ છે, જ્યારે બીજા ભાગની કામગીરી હજુ

તસવીરઃ જશવંતસિંહ રાઠોડ

પ્રગતિમાં છે. સફાઈ વ્યવસ્થિત થાય તે માટે આગળથી આવતા પાણીના પ્રવાહને પણ બ્લોક કરવામાં આવ્યો છે.

નડિયાદ ધારાસભ્ય પંકજ દેસાઈએ ડેપ્યુટી કમિશનર રુદ્રેશ હુદડ અને ટેકનિકલ એન્જિનિયરો સાથે સ્થળ મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. તેમણે જણાવ્યું કે, આ કાંસ સાફ થવાથી જૂના માખણપુરા, નાના-મોટા કુંભનાથ રોડ, વીકેવી રોડ, દેસાઈ વગો અને સંતરામ રોડ જેવા મુખ્ય વિસ્તારોમાં વરસાદી પાણીનો નિકાલ ઝડપથી થશે. વધુમાં, શહેરના ત્રણેય અન્ડરપાસ (ગરનાળા)માં ભરાતા પાણીની સમસ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો થશે, કારણ કે તેનું પાણી પણ પૂર્વ ભાગમાં જ આવે છે.

સ્રોતો અનુસાર, આ પૂર્વ ભાગનો કાંસ મુખ્ય હોવાથી ભવિષ્યમાં નાગરિકોને તકલીફ ન પડે તે માટે રૂ.45 કરોડના ખર્ચે નવા કાંસ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે, જેના માટે ટેન્ડર પણ બહાર પાડી દેવામાં આવ્યું છે,. આ કામગીરીથી આગામી ચોમાસામાં નડિયાદના પૂર્વ ભાગના રહીશોને મોટી રાહત મળે તેવી પૂરેપૂરી શક્યતા છે.

આણંદ જિલ્લા પંચાયતની પાંચ વર્ષની ટર્મ 16મી માર્ચે પૂરી થશે

આણંદ જિલ્લા પંચાયતનું કાઉન્ટ ડાઉન, 2 માસ પછી વહીવટદાર!

એસઆઈઆર અને બજેટ સત્ર સહિત વિવિધ કારણોસર ચૂંટણી ટલ્લે ચડી

ચૂંટણીનું નક્કી ન થતાં વહીવટદાર શાસન અમલમાં આવે તેવા ભણકારા

(પ્રતિનિધિ) આણંદ તા 19

આણંદ જિલ્લા પંચાયતના ચુંટાયેલા 42 સભ્યોની પાંચ વર્ષની મુદત આગામી 16 મી માર્ચના રોજ પૂરી થનાર છે, પરંતુ ચૂંટણી ક્યારે યોજાશે તે નક્કી નથી. તેવા સંજોગોમાં હવે જીલ્લા પંચાયતનુ શાસન વહીવટદારના હાથમાં સોંપવામાં આવશે તેવી શક્યતા બળવત્તર બની છે. આગામી આઠ અઠવાડિયા બાદ ચુંટાયેલા હોદ્દેદારો સભ્યોની પાંચ વર્ષની મુદત પૂરી થતાં સત્તા વિહોણા બની જશે. પાંચ વર્ષની ટર્મ પૂર્ણ થતાં જ આણંદ જિલ્લા પંચાયતના વહીવટદારનું નામ જાહેર થશે તેવું જણાઇ રહ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ વર્ષ 2021 દરમિયાન યોજાયેલી આણંદ જીલ્લા પંચાયતની ચુંટણીમાં 42 બેઠકો પર સભ્યો ચુંટાયેલા હતા. ત્યારબાદ ભાજપની સ્પષ્ટ બહુમતી પગલે પ્રથમ સભા તા. 17 મી માર્ચે યોજાઈ હતી. જેમાં પ્રમુખ તરીકે હંસાબેન પરમારની વરણી કરવામાં આવી હતી. આમ એજ દિવસે પંચાયતના પાંચ વર્ષના શાસનકાળની શરૂઆત થઈ હતી. જોકે પ્રમુખ સહિત ઉપપ્રમુખ વિવિધ સમિતિઓ ચેરમેનનુ શાસનનો સમયગાળો અઢી અઢી વર્ષની મુદત માટે શાસકપક્ષ ધ્વારા નિશ્ચિત કરવામાં આવ્યો હતો. જેથી બીજા અઢી વર્ષની મુદત માટે પ્રમુખ તરીકે હસમુખભાઈ પટેલ સહિત અન્ય હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી હતી.

42 બેઠકો માટેની યોજાયેલી ચૂંટણીમાં ભાજપે 35 અને કોંગ્રેસે 7 બેઠક મેળવી હતી. સ્પષ્ટ બહુમતી સાથે સત્તાના સુત્રો ભાજપે સંભાળ્યા હતા. કોંગ્રેસના ચૂંટાયેલા નગર સેવકો પૈકી નટવરસિંહ મહીડાએ સળંગ પૂર્ણ ટર્મ માટે વિપક્ષના નેતાનુ પદ સંભાળ્યું છે. દસ વર્ષ કોંગ્રેસનુ શાસન રહ્યા બાદ વર્તમાન ટર્મ દરમિયાન આણંદ જીલ્લા પંચાયત ભાજપના હાથમાં છે. જીલ્લાવાસીઓએ ભાજપમાં મુકેલા વિશ્વાસને જાળવી રાખવા માટે ભાજપના જીલ્લા પંચાયત સભ્યો અને સંગઠન પણ સતત પ્રયત્નશીલ રહ્યું છે અને જીલ્લાવાસીઓને તમામ સારી સુવિધા અને સગવડો મળે તે માટે આયોજન કરતા હોય છે.

હવે જ્યારે આગામી ગણતરીના આઠ અઠવાડિયા બાદ પાંચ વર્ષની મુદત 16 મી માર્ચે પૂરી થતાં બધા હોદ્દેદારો સભ્યો પૂર્વ બની જશે . ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરવામાં ના આવે તો હવે આગામી આઠ અઠવાડિયા બાદ વહીવટદારને વિશેષ સત્તાઓ આપશે તે પ્રમાણે જીલ્લામાં વિકાસ સહિતના કામો થતા રહેશે તેવું હાલના તબક્કે સંભળાઇ રહ્યું છે.

આણંદ જિલ્લા પંચાયતમાં ચોથી વખત વહીવટદાર શાસન આવશે

આણંદ જિલ્લા પંચાયતની રચના બૃહદ ખેડા જિલ્લાના વિભાજન બાદ કરવામાં આવી હતી. આણંદ જિલ્લા પંચાયતની રચના વર્ષ 1997 ની બીજી ઓક્ટોબરે કરવામાં આવી હતી. જોકે તત્કાલીન સમયે મધ્યસત્ર ચૂંટણી યોજાઇ નહોતી પરંતુ જીલ્લા પંચાયત સભ્યોને લોકશાહી પ્રણાલી મુજબ યથાવત રખાયા હતા. આણંદ જિલ્લા પંચાયતના પ્રથમ પ્રમુખ તરીકે બાકરોલ જીલ્લા પંચાયત સભ્ય જ્યોત્સનાબેન પટેલની નિમણૂક કરવામાં આવી હતી. જોકે ગણતરીના મહિનાઓમાં જ વહીવટદારનુ શાસન મુકવામાં આવ્યું હતું. આણંદ જિલ્લા પંચાયતના પ્રથમ વહીવટદાર તરીકે તા. 7 જુલાઈ 2000 થી 5 ઓક્ટોબર 2000 સુધી કલેક્ટરની નિમણૂક કરવામાં આવી હતી. ત્યારબાદ બીજા વહીવટદાર માટે 6 ઓક્ટોબર 2005 થી 8 નવેમ્બર 2005 સુધી કલેક્ટરની નિમણૂક કરવામાં આવી હતી. ત્રીજા વહીવટદાર તરીકે 22 ડિસેમ્બર 2020 થી 16 માર્ચ 2021 દરમિયાન કલેક્ટરની નિમણૂક કરવામાં આવી હતી. હવે આગામી 16 મી માર્ચથી ચોથી વખત વહીવટદારનુ શાસન મુકવામાં આવી શકે છે.

સૌથી વધુ લાંબુ વહીવટદાર શાસન 90 દિવસ રહ્યું

આણંદ જિલ્લા પંચાયતની રચના બાદ વિવિધ કારણોસર કુલ ત્રણ વખત વહીવટદાર શાસન અમલમાં મુકવામાં આવ્યું છે. આજદિન સુધી વિવિધ સમયગાળામાં ત્રણ વખત અમલમાં મુકાયેલ વહીવટદાર શાસનમાં સૌથી વધુ લાંબુ શાસન કુલ 90 દિવસનું રહ્યું છે. આ શાસન વર્ષ 2000 દરમિયાન નિશ્ચિત કરવામાં આવ્યું હતું. જ્યારે સૌથી ઓછા દિવસો માટે વહીવટદાર શાસન 33 દિવસનું રહ્યું છે.જે વર્ષ વર્ષ 2005 માં અમલમાં મૂકવામાં આવ્યું હતું.

પેટલાદ પાસે બે ટુ વ્હીલર અથડાતાં બેના કરુણ મોત

પેટલાદથી શાહપુર જવાના રસ્તા પર એક્ટિવા ચાલકે અકસ્માત સર્જ્યો, એક ઘાયલ

(પ્રતિનિધિ) પેટલાદ તા.20

પેટલાદથી શાહપુર જવાના રસ્તા પર ખળી નજીક પુરપાટ ઝડપે જતા એક્ટિવાના ચાલકની બેદરકારીથી સામેથી આવતા બાઈક સાથે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. જેમાં બન્નેના ચાલકનું મોત નિપજ્યું હતું. જ્યારે એકને ગંભીર ઈજા પહોંચી હતી. આ અંગે પેટલાદ ગ્રામ્ય પોલીસે એક્ટિવા ચાલક સામે ગુનો નોધ્યો છે.

પેટલાદના શાહપુર ગામમાં રહેતાં ધર્મેશકુમાર પટેલ તમાકુનો વેપાર કરે છે. તેઓ

19મી જાન્યુઆરીની રાત્રે ઘરે હતા તે સમયે તેમના કાકાના દિકરા ચિરાગ મણીભાઈ પટેલને પેટલાદથી શાહપુર જવાના રસ્તા પર નિર્મેશ પટેલની ખળી નજીક અકસ્માત થયો હોવાનું જાણવા મળ્યું હતું. આથી, ધર્મેશકુમાર તાત્કાલિક અકસ્માતના સ્થળે પહોંચ્યાં હતાં. તે સમયે ચિરાગને ગંભીર ઈજા પહોંચી હતી, જ્યારે એક્ટિવાના ચાલક અલ્પેશ મનુભાઈ તળપદા (રહે. ગોરેલ, તા. બોરસદ) પણ ઘાયલ અવસ્થામાં હતો.

આ દરમિયાન 108ની એમ્બ્યુલન્સ ટીમ આવી હતી અને ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં.

જ્યાં ચિરાગ અને અલ્પેશ તળપદાને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતાં. જ્યારે ગંભીર રીતે ઘવાયેલા જીતુને સારવાર માટે વડોદરા હોસ્પિટલ ખસેડ્યો હતો. પ્રાથમિક તપાસમાં એક્ટિવા ચાલક અલ્પેશ તળપદાએ પુરપઝડપે ચલાવી ચિરાગની બાઈક સાથે અકસ્માત સર્જ્યો હતો. જેમાં બન્નેનું મોત નિપજ્યું હતું. આ અંગે પેટલાદ ગ્રામ્ય પોલીસે અલ્પેશ તળપદા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બે દિવસમાં સફાઈ કરવા અલ્ટીમેટમ અપાયું

વિદ્યાનગરમાં ગંદકી બદલ હોટલને ₹10 હજારનો દંડ

હોટલના ભોંયરામાં પાણી ભરાઈ રહેતા રોગચાળો ફાટી નીકળવાની ભીતિ

(પ્રતિનિધિ) આણંદ તા.20

કરમસદ-આણંદ મનપા વિસ્તારમાં સ્વચ્છતા જળવાય અને રોગચાળો ન ફેલાય તે હેતુથી મનપા કમિશનરની સૂચના હેઠળ આરોગ્ય અને મેલેરિયા વિભાગ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ તપાસ દરમિયાન વલ્લભ વિદ્યાનગરના મોટાબજાર વિસ્તારમાં આવેલ હોટલ જેડીના ભોંયરામાં પાણી ભરાયેલું હોવાનું અને ગંદકી હોવાનું સામે આવતા તંત્ર દ્વારા રૂ. દસ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

કરમસદ-આણંદ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના અધિકારી ડો. રાજેશ પટેલે વિગતો આપતા જણાવ્યું હતું કે, આ હોટલના ભોંયરામાં ભરાયેલા પાણીના કારણે રોગચાળો ફેલાવાની શક્યતા હતી અને આસપાસના લોકો દ્વારા પણ આ અંગે ફરિયાદો કરવામાં આવી હતી. આ બાબતને ગંભીરતાથી લઈ હોટલ સંચાલકને આગામી 2 દિવસમાં સંપૂર્ણ સફાઈ કરવા તાકીદ કરવામાં આવી છે. જો નિયત સમયમાં સફાઈ કરવામાં નહીં આવે તો મહાનગરપાલિકા દ્વારા કાયદાકીય જોગવાઈ મુજબ વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે. મનપા દ્વારા હોટલો, મોલ અને ખાણીપીણીના એકમોમાં આ પ્રકારની ઝુંબેશ આગામી સમયમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે.

મહીસાગરના 'નળ સે જળ' કૌભાંડમાં 4 કર્મીની ધરપકડ

સરપંચોના કોરા લેટરપેડ લઈ ખોટી સહીઓ દ્વારા કૌભાંડ આચર્યું હતું

(પ્રતિનિધિ) લુણાવાડા તા.20

મહીસાગર જિલ્લામાં આચરાયેલા 123 કરોડ રૂપિયાના મસમોટા 'નળ સે જળ' યોજનાના કૌભાંડમાં સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે વાસ્મોના તત્કાલિન 4 કર્મચારીની ધરપકડ કરી હતી.

સીઆઈડીની તપાસમાં ધરપકડ કરાયેલા કર્મચારીઓમાં ગીરીશકુમાર જયંતિલાલ વાળંદ, જનાર્દન ઈશ્વરભાઈ પટેલ, મહેન્દ્રકુમાર ભાનુભાઈ રાઠોડ અને નાથાભાઈ લાલાભાઈ ડામોરનો સમાવેશ થાય છે, જેઓ કરાર આધારિત સોશિયલ કર્મચારી તરીકે કાર્યરત હતા. આ કર્મચારીઓની મુખ્ય ભૂમિકા લોકો સાથે સંપર્ક કરી સમજાવવા અને સરપંચોને મદદ કરવાની હતી. જોકે, તેઓએ સત્તાનો દુરુપયોગ કરી સરપંચો પાસેથી કોરા લેટરપેડ મેળવી, ફંડની માંગણી કરી ખોટી સહીઓ કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

આ કૌભાંડ અંગે 22મી જૂને વાસ્મોના યુનિટ મેનેજર ગિરીશ અગોલાએ સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચ, વડોદરા ખાતે ફરિયાદ નોંધાવી હતી. અત્યાર સુધીમાં સીઆઈડીએ કુલ 22 લોકોની ધરપકડ કરી છે, જેમાં 4 મુખ્ય કર્મચારીઓ અને 14 ઈજારદારોનો સમાવેશ થાય છે,. આ કેસમાં 20 કૌભાંડીઓએ આગોતરા જામીન માટે અરજી કરી હતી, જેમાંથી 18ની અરજી કોર્ટે ફગાવી દીધી છે, જ્યારે માત્ર 2ને હાઈકોર્ટે શરતી જામીન આપ્યા છે.

નડિયાદ પાલિકાનો ભાડાપટ્ટો પૂર્ણ થયા બાદ પણ મિલકત માફિયાઓનો અડીંગો

નડિયાદમાં માત્ર ₹1 લાખમાં ધાબુ પધરાવી કોમર્શિયલ બાંધકામ કરાયું

12 દુકાનોનું ધાબુ બે વ્યક્તિઓને પધરાવી દીધા બાદ ઇમારત ખડકી દેવાઇ

(પ્રતિનિધિ) નડિયાદ તા.20

નડિયાદ શહેરના હાર્દસમા ગણાતા પારસ સર્કલ વિસ્તારમાં મહાનગરપાલિકાની માલિકીની સોનાની લગડી જેવી મિલકતો પર ભ્રષ્ટાચારની ઉધઈ લાગી ચૂકી છે. વર્ષો અગાઉ માત્ર 1 લાખ રૂપિયા જેવી નજીવી રકમમાં 'વહીવટ' કરી 12 દુકાનોનું ધાબુ બે વ્યક્તિઓને પધરાવી દીધા બાદ, ત્યાં મંજૂરી વગર ગેરકાયદેસર આખી ઈમારત ખડકી દેવાનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ માળની ભાડાપટ્ટાની મુદત પૂર્ણ થઈ હોવા છતાં મનપા કબ્જો લેવાને બદલે મૌન પ્રેક્ષક બની તમાશો જોઈ રહ્યું છે.

નડિયાદ પાલિકાના રેકોર્ડ મુજબ, વર્ષ 1999માં કોઈપણ જાતની જાહેર હરાજી કે પારદર્શક પ્રક્રિયા વિના કારોબારી સમિતિના ઠરાવથી આ દુકાનોની ઉપરની જગ્યા અને ધાબુ જગદીશભાઈ રમણલાલ મહેતા અને અશોકકુમાર બબલદાસને આપી દેવામાં આવ્યું હતું. કરોડોની કિંમતની આ જગ્યા માત્ર રૂપિયા 1 લાખમાં પધરાવી દેવાઈ હતી. શરતો મુજબ અહીં પાકું બાંધકામ કરવાની મનાઈ હોવા છતાં, કોઈ પણ મંજૂરી વિના દુકાનોનું ગેરકાયદે બાંધકામ કરી દેવાયું છે અને આ સરકારી જગ્યા અન્ય ત્રાહિત વ્યક્તિઓને પેટા ભાડે આપી રોકડી કરી લેવામાં આવી છે.

નડિયાદ પાલિકાના રેકોર્ડ પર સ્પષ્ટ છે કે ભાડાપટ્ટો પૂર્ણ થઈ ગયો છે અને શરતોનો સરેઆમ ભંગ થયો છે. વર્ષ 2022માં આ મિલકતો ખાલી કરાવવા અંગે ઠરાવ થયો હોવા છતાં, આજદિન સુધી અધિકારીઓએ નોટિસ આપવાની કે સીલ મારવાની તસ્દી લીધી નથી, જેના કારણે મનપાની તિજોરીને મોટું નુકસાન થઈ રહ્યું છે.

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા અત્યાર સુધી શહેરમાં 125 જેટલી દુકાનો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે, જેમાં મનપાની બાજુની 65 દુકાનો, ટાઉન પોલીસ સામેની 13 અને સરદાર ભુવન કોમ્પલેક્ષની 46 દુકાનોનો સમાવેશ થાય છે. જોકે, એક તરફ ગરીબ અને મધ્યમ વર્ગના દબાણો દૂર કરાય છે ત્યારે બીજી તરફ પારસ સર્કલ જેવા વિસ્તારોમાં મોટા માથાઓ સામે તંત્ર લાચાર જણાય છે. આ ઉપરાંત, શહેરના શેરકંડ અને ઉંડેવાલ જેવા જળ સ્ત્રોતો પર થયેલા બાંધકામો પણ હજુ સુધી દૂર કરાયા નથી, જે ચર્ચાનો વિષય બન્યો છે.

નડિયાદની રીઅલ કું.માં કામદારોનો ઉગ્ર વિરોધ

લેખિત ખાતરી ન મળે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચીમકી

(પ્રતિનિધિ) નડિયાદ તા.20

નડિયાદની પીજ ચોકડી પાસે આવેલી રીઅલ કંપનીના કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટ કામદારોએ પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈને કંપનીના સંચાલકો સામે આંદોલનનું રણશીંગુ ફૂંક્યું છે.

નડિયાદની રીઅલ કંપનીના કામદારોની મુખ્ય માંગણીઓમાં કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરી, 3 વર્ષથી વધુ સમયથી ફરજ બજાવતા કર્મચારીઓને કાયમી કરવાની અને સેવા મુજબ યોગ્ય પગાર વધારો આપવાની બાબત કેન્દ્રસ્થાને છે. આ ઉપરાંત, 20 દિવસ કામ કરનારને હાજરી બોનસ આપવું અને કંપનીના શિસ્તના નિયમો HR થી લઈને કોન્ટ્રાક્ટના માણસો સુધી તમામ માટે સમાન રાખવાની રજૂઆત કરવામાં આવી છે. કર્મચારીઓએ એવી પણ માંગ કરી છે કે જો કોઈ કર્મચારી પાન-મસાલા સાથે પકડાય તો તેને સીધો નોકરીમાંથી કાઢી મૂકવાને બદલે દંડ જેવી શિક્ષા કરવી જોઈએ.

સુવિધાઓ અને સલામતી અંગે અવાજ ઉઠાવતા કામદારોએ સેફ્ટી શૂઝ, યુનિફોર્મ, કેન્ટીનના ભાવમાં ઘટાડો અને નાઈટ શિફ્ટમાં લંચની વ્યવસ્થા કરવાની માંગ કરી છે. મશીનરી ઓપરેટ કરતા કામદારો માટે મશીનની સ્પીડ 85 રાખવી તેમજ ઈજા કે ફોન દ્વારા રજા મંજૂર કરવા જેવી પ્રક્રિયાઓ સરળ બનાવવાની માંગણી પણ યાદીમાં સામેલ છે.

આંદોલનકારીઓએ ચીમકી ઉચ્ચારી છે કે જ્યાં સુધી તમામ મુદ્દાઓનો લેખિતમાં સ્વીકાર કરવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ આંદોલન ચાલુ રાખશે.

નડિયાદમાં સંત ગોવિંદ દેવગીરીજી મહારાજના મુખે 'શિવાજી કથા' યોજાશે

સંતરામ મંદિરમાં પહેલી ફેબ્રુઆરીએ ભવ્ય સાકર વર્ષા યોજાશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.20

નડિયાદ સ્થિત વિશ્વપ્રસિદ્ધ સંતરામ મંદિર ખાતે પરમ પૂજ્ય મહંત રામદાસજી મહારાજની નિશ્રામાં યોગીરાજ અવધૂત સંતરામ મહારાજનો 195મો સમાધિ મહોત્સવ ખૂબ જ ભક્તિભાવપૂર્વક ઉજવાઈ રહ્યો છે. સનાતન ધર્મના સંરક્ષણ અને પ્રસાર માટે આ મહોત્સવના ઉપલક્ષ્યમાં અનેકવિધ સેવા અને સત્સંગના કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

રાષ્ટ્રીય સંતના મુખે 'શિવાજી કથા'નું રસપાન આ મહોત્સવના મુખ્ય આકર્ષણ તરીકે, ગુજરાતમાં સૌ પ્રથમવાર અયોધ્યા રામ મંદિરના કોષાધ્યક્ષ અને મથુરા શ્રીકૃષ્ણ જન્મભૂમિ ન્યાસના ઉપાધ્યક્ષ એવા રાષ્ટ્રીય સંત ગોવિંદ દેવગીરીજી મહારાજના મુખે 'શિવાજી કથા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કથા 23મીથી 29મી જાન્યુઆરી,

2026 દરમિયાન દરરોજ સાંજે 4થી 7 કલાકે સંતરામ મંદિરના સમાધિ ચોક ખાતે યોજાશે. કથાકાર ગોવિંદ દેવગીરીજી મહારાજ એક પ્રકાંડ પંડિત છે, જેઓ ગુજરાતી, અંગ્રેજી, મરાઠી અને મારવાડી સહિત 9થી વધુ ભાષાઓ પર પ્રભુત્વ ધરાવે છે. તેઓએ અત્યાર સુધીમાં અઢી હજારથી વધુ પારાયણ સપ્તાહો કરી છે અને 125 જેટલા આધ્યાત્મિક પુસ્તકો લખ્યા છે,. દેશની 40થી વધુ મોટી ધર્મ સંસ્થાઓનું તેઓ સફળ સંચાલન કરી રહ્યા છે અને તેમને 15થી વધુ સન્માનજનક એવોર્ડ એનાયત થયેલા છે.

આ આધ્યાત્મિક કાર્યક્રમોની હારમાળા મહોત્સવ અંતર્ગત અગાઉ પ્રસિદ્ધ કથાકાર રણછોડ દાદા આચાર્યના મુખે 'શ્રી સંતરામ યોગીરાજ માનસ સપ્તાહ' યોજાઈ હતી. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય ચિંતક સ્વામી અનુભવાનંદજી મહારાજ દ્વારા 'અષ્ટાવક્ર ગીતાજી' પર પ્રેરક વ્યાખ્યાનો પણ આપવામાં આવ્યા હતા. આગામી 30મી અને 31મી જાન્યુઆરીના રોજ સવારે 6-00 કલાકે સંતરામ સભાખંડમાં રામચરિત માનસ પારાયણનું આયોજન છે. આ મહોત્સવના અંતિમ તબક્કામાં 31મી જાન્યુઆરીએ સવારે 7થી 9 દરમિયાન સમાધિ મંદિર સન્મુખ ગુરુ પાદુકા પૂજન અને ધ્યાનનો વિશેષ કાર્યક્રમ યોજાશે. આ દિવ્ય આરતી અને સાકર વર્ષા આ ભવ્ય મહોત્સવની પૂર્ણાહુતિ પહેલી ફેબ્રુઆરી, 2026ને રવિવારના રોજ થશે. આ દિવસે સાંજે 6-00 કલાકે દિવ્ય આરતી અને સુપ્રસિદ્ધ 'સાકર વર્ષા'નો મહોત્સવ યોજાશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225